## સંક્ષિપ્ત સમાચાર

### છોટાઉદેપુરમાં ૧૫૦૧મી ઇદે મિલાદુન્નબીની આન બાન અને શાનથી ઉજવણી



**છોટાઉદેપુર** : છોટાઉદેપુર જીલ્લામાં આજે ઇસ્લામ ધર્મના સ્થાપક હજરત મોહમ્મદ પયગમ્બર સાહેબ “સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમ” ના ૧૫૦૧માં જન્મદિવસ નિમિત્તે ઈદે-મિલાદની ઉજવણી ભારે ધામધૂમ અને ઉલ્લાસ પૂર્વક કરવામાં આવી. ઈદે-મિલાદની ઉજવણીના પગલે તમામ મસ્જિદો, દરગાહો તેમજ મહોલ્લાઓને રોશનીથી શણગારવામાં આવ્યા હતા. ઈદ મિલાદના ઉજવણી પર્વે છોટાઉદેપુર નગરમાં ભવ્ય ધાર્મિક જુલૂસમાં જિલ્લાની મસ્જિદોના ઇમામ સાહેબો, મદરેસાના બાળકો અને મુસ્લિમ બિરાદરો મોટી સંખ્યામાં જોડાયા હતા. હઝરત મોહંમહ પયંગમ્બર સાહેબના જન્મ દિનની જિલ્લાના મુસ્લીમ બિરાદરોએ એકબીજાને શુભેચ્છાઓ પાઠવી હર્ષો ઉલ્લાસ સાથે ઉજવણી કરવામાં આવી હતી. ઇદે મિલાદની ઉજવણીમાં જિલ્લામાં ભવ્ય ઝુલુસ મુખ્ય માર્ગો પર નીકળ્યા હતા.

### ક્વાંટ નગરમાં ઈદ-એ-મિલાદ શાનદાર ઉજવણી, મદીના મસ્જિદથી નીકળ્યું જુલુસ



**ક્વાંટ**: ક્વાંટ નગર ખાતે આજરોજ મુસ્લિમ બિરાદરો દ્વારા પયગંબર હઝરત મોહંમદ સાહેબના જન્મદિવસ નિમિત્તે ઈદ-એ-મિલાદની ભારે હર્ષોલ્લાસ સાથે ઉજવણી કરવામાં આવી હતી. ક્વાંટ નગરની મદીના મસ્જિદથી સવારે મુસ્લિમ સમાજ દ્વારા ભવ્ય જુલુસ કાઢવામાં આવ્યું હતું. આ જુલુસમાં મોટી સંખ્યામાં મુસ્લિમ બિરાદરો, યુવાનો અને બાળકો જોડાયા હતા. જુલુસ દરમિયાન “સરકાર કી આમદ મરહબા” ના નારા સાથે સમગ્ર વાતાવરણ ભક્તિમય બની ગયું હતું. આ જુલુસ મદીના મસ્જિદ થી શરૂ થઈને નગરના મુખ્ય બજાર, બસ સ્ટેન્ડ. અભયરાજ કોલોની સહિતના મુખ્ય માર્ગો પર ફરીને પરત મસ્જિદ ખાતે પૂર્ણ થયું હતું. જુલુસનું ઠેર-ઠેર સ્વાગત કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ શાંતિપૂર્ણ રીતે પૂર્ણ થાય તે માટે ક્વાંટ પોલીસ દ્વારા ચુસ્ત બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો.

### ડભોઇ શહેરમા ઈદે મિલાદના તહેવારમા વર્ષોની પરંપરા મુજબ મુસ્લિમ સમાજનુ જુલુશ



**ડભોઈ** : ઈસ્લામ ધર્મ ના સ્થાપક મહમદ પૈગંબર સાહેબ (સ.અ.) ના જન્મ દિનની ઉજવણી ના ભાગ રુપે ઈદે મિલાદનો તહેવાર ડભોઇ મા મુસ્લિમ બિરાદરો ધ્વારા ધુમધામ થી અને શાંતિપુર્વક રીતે મનાવી શાનદાર જુલુશનુ વર્ષોની પરંપરા મુજબ આયોજન પુર્વક કાઢવામા આવ્યુ હતુ. જેમા ડભોઇના મુસ્લિમ સમાજના લોકો સેંકડોની સંખ્યા મા જોડાયા હતા. વિશાળ જુલુશમા મુસ્લિમ સમાજના લોકોની અભુતપુર્વ વ્યવસ્થા સાથે સંયમ અને શિસ્ત જોવા મળતી હતી. ડભોઇ મા આજરોજ ઈદે મિલાદ ના તહેવાર ની ઉજવણીના ભાગ રુપે મુસ્લિમ સમાજનુ શાનદાર જુલુશ સ્ટેશન વિસ્તાર કાજીવાડા મસ્જીદ ચોકથી નીકળયુ હતુ. જુલુસ ના સમગ્ર રૂટ પર જુદીજુદી કમિટીઓ ધ્વારા બાળકો ને ચોકલેટ, છાશ, દૂધ કોલ્ડ્રિંક, પડીકા, હલીમ સહિત ની ખાણીપીણી ની ચીજ વસ્તુઓ આપી ખુશ કર્યા હતા.

### પાદરા શહેર સહિત તાલુકાના વિવિધ ગામોમાં ઈદ-એ-મિલાદુન્નબીની શાનદાર ઉજવણી

**પાદરા** : પયગંબર હઝરત મહંમદ મુસ્તફાના જન્મદિવસ નિમિત્તે ઈદ-એ-મિલાદુન્નબીની પાદરા શહેર સહિત તાલુકાના વિવિધ ગામોમાં શ્રદ્ધા અને ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી હતી. ઈદ-એ-મિલાદુન્નબી નિમિત્તે પાદરા શહેર તેમજ તાલુકાના વિવિધ ગામોમાં આવેલી મસ્જિદો અને મુસ્લિમ વિસ્તારોમાં આકર્ષક શણગાર તથા રોશની કરવામાં આવી હતી. વિવિધ સ્થળોએ મિલાદ શરીફ, નાત-એ-પાક અને સલાતો સલામ સહિતના ધાર્મિક કાર્યક્રમો યોજાયા હતા.મોટી સંખ્યામાં મુસ્લિમ બિરાદરો ધાર્મિક કાર્યક્રમોમાં ઉપસ્થિત રહ્યા હતા અને પયગંબર હઝરત મહંમદ સાહેબના જીવન તથા તેમના શાંતિ, ભાઈચારો અને માનવતાના સંદેશને યાદ કર્યો હતો. સમાજના આગેવાનો અને યુવાનો દ્વારા કાર્યક્રમોની સુંદર વ્યવસ્થા કરવામાં આવી હતી. પાદરા શહેર સહિત તાલુકાના વિવિધ ગામોમાં ઈદ-એ-મિલાદુન્નબીની ઉજવણીને પગલે સમગ્ર વિસ્તારમાં ધાર્મિક માહોલ જોવા મળ્યો હતો. ઉજવણી શાંતિપૂર્ણ માહોલમાં સંપન્ન થઈ હતી.

### બોડેલી તાલુકા સહિત છોટાઉદેપુર જિલ્લામાં ઈદે મિલાદુન્નબીની ભવ્ય ઉજવણી



**બોડેલી** : બોડેલી તાલુકા સહિત છોટાઉદેપુર જિલ્લાના વિવિધ વિસ્તારોમાં ઈદે મિલાદુન્નબીની ભવ્ય અને ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી હતી. પયગંબર હઝરત મોહમ્મદ મુસ્તફા ના જન્મદિવસ નિમિત્તે મુસ્લિમ બિરાદરો ખુશીમાં ઝૂમી ઉઠ્યા હતા. ઈદે મિલાદુન્નબી નિમિત્તે મુસ્લિમ બિરાદરો દ્વારા છેલ્લા બાર દિવસથી પોતાના મકાનો, દરગાહ, મસ્જિદ અને મહોલ્લાઓને આકર્ષક લાઇટિંગ તથા વિવિધ પ્રકારના ડેકોરેશનથી શણગારવામાં આવ્યા હતા. આ ઉપરાંત દરરોજ કુરઆન ખ્વાની તથા નાત શરીફના કાર્યક્રમોનું આયોજન કરવામાં આવતું હતું. આજરોજ 12 રબીયુલ અવ્વલના પવિત્ર દિવસે પયગંબર સાહેબના જન્મદિવસની ઉજવણી અંતર્ગત વિવિધ શહેરો અને વિસ્તારોમાં ભવ્ય જુલૂસ કાઢવામાં આવ્યા હતા. જુલૂસ દરમિયાન મોટી સંખ્યામાં મુસ્લિમ બિરાદરો જોડાયા હતા અને સમગ્ર વિસ્તારમાં ધાર્મિક ઉત્સાહનો માહોલ જોવા મળ્યો હતો.

### સાવલી પંથકમાં ઈદે મિલાદે નબીની ધામધૂમભેર ઉજવણી



**સાવલી** : સાવલી તાલુકામાં ઇસ્લામ ધર્મના સ્થાપક મહંમદ પયગંબર સાહેબના જન્મદિવસ ઇદે મિલાદુન નબી ના પર્વની મુસ્લિમ બિરાદરો એ ભારે ધામધૂમથી અને શાંતિપૂર્ણ વાતાવરણમાં ઉજવણી કરવામાં આવી હતી. સાવલી તાલુકાના ગોઠડા ટુંડાવ મંજુસર સાવલી શહેર વાંકાનેર ભાદરવા રાણીયા કરચિયા જેવા ગામોમાં મહંમદ પયગંબર સાહેબના જન્મદિવસ ને ઈદે મીલાદના પર્વની ભારે ધામધૂમથી ઉજવણી કરવામાં આવી હતી આ પ્રસંગે વહેલી સવારથી જ મુસ્લિમ બિરાદરો નવા કપડા પહેરીને સવાર ના પ્રથમ પહોર માં પયગંબર સાહેબની જન્મ ઘડી નિમિત્તે વિશાળ કેક કાપીને ઉજવણી કરવામાં આવી હતી અને એક બીજાને મુબારકબાદ પાઠવી હતી ત્યારબાદ સલાતો સલામ સાથે અને દુઆએ ખાસ કરવામાં આવી હતી અને ત્યારબાદ ભારે ધામધૂમથી ડીજેના તાલે જુલુસ કાઢવામાં આવ્યા હતા.

---

૪૫ થી ૫૦ ઘરોના વીજ ઉપકરણો બળ્યા, ફરિયાદ છતાં કર્મચારીઓ સમયસર ન પહોંચ્યાનો ગ્રામજનોનો આક્ષેપ

# વાંટડા ગામે હાઈ વોલ્ટેજથી ફફડાટ

**વાંટડામાં** અચાનક હાઈ વોલ્ટેજથી ગ્રામજનોમાં ફફડાટ, ટીવી-ફ્રિજ સહિતના ઉપકરણો બળ્યા





(પ્રતિનિધિ) બોડેલી, તા.26

બોડેલી તાલુકાના વાંટડા ગામે ગત તા. 25 ઓગસ્ટની રાત્રે આશરે 11 વાગ્યાના અરસામાં અચાનક હાઈ વોલ્ટેજ આવતા ગ્રામજનોમાં ફફડાટ વ્યાપી ગયો હતો. વીજ પુરવઠામાં અચાનક વધારો થતાં ઘરોમાં પંખા અસામાન્ય ઝડપે ફરવા લાગ્યા હતા, જ્યારે લાઈટો ચાલુ-બંધ થવા લાગતા લોકો ભયભીત બની ઘરની બહાર દોડી આવ્યા હતા. નાના બાળકો સહિત પરિવારજનોને લઈને ગ્રામજનોએ રાત્રિ ભયના માહોલમાં વિતાવી હતી.

સવારે પરિસ્થિતિ સામાન્ય બન્યા બાદ તપાસ કરતાં ગામના આશરે 45થી 50 જેટલા ઘરોમાં ટીવી, પંખા, ફ્રિજ સહિતના વીજ ઉપકરણો બળીને ખાખ થઈ ગયા હોવાનું સામે આવ્યું હતું. ગ્રામજનોના જણાવ્યા મુજબ તેમને ભારે નુકસાન થયું છે. જેના કારણે ગરીબ અને મધ્યમવર્ગીય પરિવારો પર મોટો આર્થિક બોજ આવ્યો છે.

એમજીવીસીએલ સામે ગ્રામજનોના ગંભીર આક્ષેપ ગ્રામજનોએ વીજ કંપની સામે આક્ષેપ કરતાં જણાવ્યું હતું કે હાઈ વોલ્ટેજની ઘટના બન્યા બાદ એમજીવીસીએલને વારંવાર જાણ કરવામાં આવી હોવા છતાં કર્મચારીઓ સમયસર સ્થળ પર પહોંચ્યા ન હતા. ફરિયાદ કરવા છતાં કર્મચારીઓ

દ્વારા “તમે તમારી જાતે કરી લો” જેવા ઉડાઉ જવાબો આપવામાં આવતા હોવાનો પણ ગ્રામજનોએ આક્ષેપ કર્યો હતો. ગ્રામજનોએ વધુમાં જણાવ્યું હતું કે વાંટડા ગામમાં અગાઉ પણ વીજ કરંટને લગતી ગંભીર ઘટના બની ચૂકી છે. ગામના અર્જુનભાઈ સાથે આશરે 8થી 10 વર્ષ અગાઉ લંગર નાખવા જતાં કરંટ લાગવાની ઘટના બની હતી, જેમાં તેઓ ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયા હતા. ભૂતકાળની આવી ઘટનાઓ છતાં વીજ તંત્ર દ્વારા પૂરતી તકેદારી રાખવામાં આવતી નથી તેવી નારાજગી ગ્રામજનોએ વ્યક્ત કરી છે.

નુકસાનનું વળતર મળશે કે કેમ? અચાનક હાઈ વોલ્ટેજના કારણે 45થી 50 જેટલા પરિવારોને થયેલા નુકસાન અંગે ગ્રામજનોમાં રોષ જોવા મળી રહ્યો છે. વીજ તંત્રની બેદરકારીના કારણે થયેલા નુકસાનનું યોગ્ય વળતર આપવામાં આવે તેવી ગ્રામજનોની માંગ છે. હવે જોવાનું એ રહ્યું કે વીજ કંપની દ્વારા અસરગ્રસ્ત પરિવારોને થયેલા નુકસાન અંગે કોઈ વળતરની કાર્યવાહી કરવામાં આવે છે કે કેમ. દરમિયાન, એમજીવીસીએલ દ્વારા ગામમાં વીજ પુરવઠો સુચારુ બનાવવા અને સમસ્યાનું નિરાકરણ લાવવા માટે કાર્યવાહી હાથ ધરવામાં આવી હોવાનું જાણવા મળે છે.

### પાદરામાં જાહેરમાં જુગાર રમતા ચાર ઝડપાયા, રૂ.૪૨,૩૫૦નો મુદ્દામાલ કબજે

(પ્રતિનિધિ) પાદરા, તા.26

પાદરા પી.આઈ. પી.વી. ગોહિલના માર્ગદર્શન હેઠળ મળેલી બાતમીના આધારે પોલીસે પાદરા ટાઉનના કંટીયારા તળાવ પાસે ચામઠાપીરની દરગાહ નજીક વડ નીચે ખુલ્લી જગ્યામાં દરોડો પાડી પત્તા વડે રૂપિયાની હારજીતનો જુગાર રમતા ચાર શખ્સોને ઝડપી પાડ્યા હતા. પોલીસે સ્થળ પરથી લીલુભાઈ ચીમનભાઈ માળી, વિજયભાઈ કનુભાઈ માળી, સુરેશભાઈ ભગવાનસિંહ અટાલિયા અને હિતેશભાઈ જેન્તીભાઈ વસાવાને ઝડપી પાડ્યા હતા. દરોડા દરમિયાન પોલીસે પત્તા-પાના, જમીન દાવના રૂ.૬,૫૬૦ તથા અંગઝડતીના રૂ.૫,૭૯૦ મળી કુલ રૂ.૧૨,૩૫૦ રોકડા, તેમજ રૂ.૩૦,૦૦૦ની એક્ટિવા મોપેડ મળી કુલ રૂ.૪૨,૩૫૦નો મુદ્દામાલ કબજે કર્યો હતો.

ટ્રેનમાં દારૂ પીતા મુસાફરનો વીડિયો વાયરલ, રેલવે સુરક્ષા સામે સવાલો

## ડભોઈ પ્રતાપનગર મેમુ ટ્રેનમાં બિન્દાસ બિયર પીતો મુસાફરનો વીડિયો વાયરલ

(પ્રતિનિધિ) ડભોઈ, તા.26

છોટાઉદેપુર થી પ્રતાપનગર જતી ચાલુ ટ્રેન માં સીટ પર બેઠેલો અજાણ્યો મુસાફર હાથ માં દારૂ બિયર નું ટીન લઈ ચાલુ ટ્રેન માં મુસાફરી દરમિયાન મસ્તી થી બિન્દાસ રીતે ઘૂંટડા મારી રહ્યો હોવાનો વીડિયો વાયરલ થયો છે.જેથી હવે ટ્રેન માં સલામત મુસાફરી નો ગંભીર પ્રશ્ન ઉભો થવા પામ્યો છે.

છોટાઉદેપુર પ્રતાપનગર મેમુ ટ્રેન માં ચાલુ ટ્રેન ની મુસાફરી દરમ્યાન સીટ પર બેઠેલો અને દારૂના નશામાં ભાન ભૂલેલો મુસાફર હાથ માં દારૂ બિયર નું ટીન લઈ બિન્દાસ ચુસ્કીઓ મારી રહ્યો છે.જેને સામેની બેઠક ના મુસાફર કહી રહ્યા છે



કે ટ્રેન માં દારૂ ના પી.ઘેર જઈને પી જો.પોલીસ પકડી જશે.ત્યારે પિયક્કડ કહે છે કે કોઈ પોલીસ બોલીશ ની ચિંતા નથી.આવું બોલી દારૂ બિયર પી તો મુસાફર નો વીડિયો વાયરલ થતા રેલ્વે સુરક્ષા બલ અને રેલ્વે પોલીસ ની કામગીરી સાથે સલામત મુસાફરી નો ગંભીર પ્રશ્ન ઉભો થવા પામ્યો છે.

**ઠેરઠેર દારૂની બૂમો બાદ રેલ્વે કોચ સુધી પણ દારૂ પહોંચ્યો**

ડભોઈ પંથકમાં ઠેરઠેર દારૂના દૈત્યની બૂમો ઉઠી રહી છે. ડભોઇ નગરમાં 20 ઉપરાંત નંબર પ્લેટ વિનાના એક્ટિવા સ્કૂટર દારૂની બાટલીઓની હોમ ડિલિવરી કરી રહ્યા છે. ગૃહ વિભાગ દ્વારા ‘સેફ એન્ડ સ્કયોર‘ નગર જાહેર કરી જર્મન ટેક્નોલોજીના સી.સી.ટી.વી.થી સજ્જ નગર બનાવ્યું છે. છતાં આજ સુધી દારૂની હોમ ડિલિવરી કરતી એક પણ એક્ટિવા પકડાઇ નથી. અને બાકી હતું તો હવે રેલ્વે સુધી દારૂ પહોંચી જતા આશ્ચર્ય સાથે લોકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે.

### ઝાડેશ્વર એકનો એક દીકરોનો મૃતદેહ ગોલ્ડન બ્રિજ નર્મદા નદીમાંથી મળી આવ્યો

(પ્રતિનિધિ) ભરૂચ, તા. 26

ભરૂચ શહેરના ઝાડેશ્વર વિસ્તારમાં આવેલી નિજધામ સોસાયટીમાંથી ગુમ થયેલા 13 વર્ષીય કિશોરનો શનિવારે ગોલ્ડન બ્રિજ પાસેથી મૃતદેહ મળી આવતાં આખા વિસ્તારમાં શોકની લાગણી ફેલાઈ ગઈ છે. ગુમ થયેલો કિશોર કાનવ શાહ (ઉં.વ. 13 વર્ષ 7 માસ) પોતે મકતમપુર સ્થિત નિજધામ રેસિડેન્સી, મકાન નંબર-44માં રહેતા મ્યુચ્યુલ ફંડ ડિસ્ટ્રિબ્યુટર અને ઈન્સ્યોરન્સ એડવાઈઝર ધીરેન ગીરીશચંદ્ર શાહનો પુત્ર હતો. કાનવ સંસ્કાર વિદ્યાભવનમાં ધોરણ-8માં અભ્યાસ કરતો હતો. તા.24 ઓગસ્ટના રોજ સાંજે આશરે 7 વાગ્યે આખો પરિવાર જમવા બેઠો હતો. બે દિવસની સઘન શોધખોળ બાદ બુધવારે સવારે ગોલ્ડન બ્રિજના સામે કાંઠા તરફ નગરપાલિકાની ટીમને કિશોરનો મૃતદેહ મળી આવ્યો હતો.

## ઉમેડા ચેકપોસ્ટ નજીક નશાકારક પદાર્થ સાથે શખ્સ ઝડપાયો

**ચોક્કસ** બાતમીના આધારે ભાદરવા પોલીસે વોચ ગોઠવી એક ઈસમને ઝડપી પાડ્યો

(પ્રતિનિધિ) સાવલી, તા. 26

સાવલી તાલુકાના ભાદરવા પોલીસ મથકની હદમાં ઉમેડા ચેકપોસ્ટ નજીક નશાકારક વનસ્પતિજન્ય માદક પદાર્થ સાથે એક ઈસમને ઝડપી પાડવામાં પોલીસને સફળતા મળી છે. ચોક્કસ બાતમીના આધારે પોલીસે વોચ ગોઠવી ચેકપોસ્ટ નજીકથી પસાર થતા શંકાસ્પદ ઈસમને ઝડપી લીધો હતો. તેની પાસેથી નશાકારક વનસ્પતિજન્ય માદક પદાર્થનો જથ્થો મળી આવતાં પોલીસે કબજે કરી વધુ તપાસ હાથ ધરી છે.



પોલીસે આરોપી સામે NDPS એક્ટની વિવિધ કલમો હેઠળ કાર્યવાહી કરવાની તજવીજ શરૂ કરી છે. ઝડપાયેલો જથ્થો ક્યાંથી લાવવામાં આવ્યો હતો અને કોને પહોંચાડવાનો હતો તે અંગે તપાસ ચાલી રહી છે. જથ્થાની ચોક્કસ માત્રા અને કિંમતની ગણતરી કરવાની કામગીરી પણ હાથ ધરાઈ છે. પદાર્થની ખરાઈ માટે FSLની મદદ લેવામાં આવી રહી છે.

આ માદક પદાર્થના નેટવર્કમાં અન્ય કોઈ શખ્સ સંડોવાયેલો છે કે કેમ તે દિશામાં પણ પોલીસે તપાસ તેજ કરી છે. બનાવની જાણ થતાં જિલ્લા પોલીસની વિવિધ ટીમો પણ ઘટનાસ્થળે પહોંચી હતી.

## બ્રહ્માકુમારી બહેનોએ અનોખો સેવાયજ્ઞ, સબજેલમાં બંદીવાનોને બાંધી રાખડી

(પ્રતિનિધિ) છોટાઉદેપુર, તા. 26

તા.૨૮ ઓગસ્ટ શુક્રવારના રોજ રક્ષાબંધનનો પવિત્ર તહેવાર છે. રક્ષાબંધનના પવિત્ર તહેવાર નિમિતે સરકારશ્રી દ્વારા રાજયની જેલોમાં રાખવામાં આવેલ બંદિવાન ભાઈ-બહેનોને રાખડી બાંધવા માટે પ્રજાપિતા બ્રહમાકુમારી ઈશ્વરીય વિશ્વ વિધાલય સંસ્થાને મંજુરી આપવામાં આવેલ છે. જે અન્વયે જેલ વિભાગના ડીજીપી ડો.કે. એલ.રાવ તથા વડોદરા ઝોન (જેલ) ના નાયબ પોલીસ મહાનિરિક્ષક સરોજકુમારીના માર્ગદર્શન હેઠળ તારીખ ૨૬ ઓગસ્ટ, બુધવારના રોજ પ્રજાપિતા બ્રહમાકુમારી ઈશ્વરીય વિશ્વ વિધાલય સંસ્થા, છોટાઉદેપુરના બ્રહમાકુમારી મોનીકા દીદી વગેરે બ્રહમાકુમારી બહેનો તથા ગાયત્રી પરિવાર, છોટાઉદેપુરની બહેનો દ્વારા સબ જેલના બંદિવાનોને રાખડી



બાંધવાનો કાર્યક્રમ રાખવામાં આવેલ હતો. આ કાર્યક્રમમાં બ્રહમાકુમારી મોનીકા દીદી તથા અન્ય બ્રહમાકુમારી બહેનો તેમજ ગાયત્રી પરિવાર, છોટાઉદેપુરની બહેનો દ્વારા બંદિવાનો, જેલ અધિક્ષક ડી.કે.પરમાર તથા જેલ સ્ટાફ કર્મચારીઓને કુમકુમ તિલક કરી, મોં મીઠું કરાવીને રાખડી બાંધવામાં આવેલ હતી. બ્રહમાકુમારી મોનીકા દીદી દ્વારા બંદિવાનોને રક્ષાબંધનના પર્વનું મહત્વ સમજાવીને બુરાઇઓનો ત્યાગ કરીને જીવનને સાર્થક બનાવવા માટેના સંકલ્પ લેવડાવવામાં આવેલ હતા.

## ઈદે મિલાદુન્નબીના જુલૂસમાં મોટી સંખ્યામાં મુસ્લિમ બિરાદરો જોડાયા



(પ્રતિનિધિ) શિનોર, તા. 26

વડોદરા જિલ્લાના શિનોર તેમજ શિનોર તાલુકાના સાધલી ગામ ખાતે મુસ્લિમ બિરાદરો દ્વારા ઈદે મિલાદુન્નબી પર્વની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. મોહમ્મદ પયગંબર સાહેબ હુઝુર નબી સલલાહો અલયહે વસલમના જન્મ અને વિલાદત દિવસ નિમિત્તે ઈદે મિલાદુન્નબી પર્વની ઉજવણી કરવામાં આવી હતી. પર્વને લઈને શિનોર અને સાધલી ગામમાં ભવ્ય જુલૂસનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં મોટી સંખ્યામાં મુસ્લિમ બિરાદરો અને શ્રદ્ધાળુઓ જોડાયા હતા. રૂટ પ્રમાણે નીકળેલા જુલૂસે ગામના વિવિધ વિસ્તારોમાં ફરી પયગંબર સાહેબ પ્રત્યે આસ્થા અને શ્રદ્ધા વ્યક્ત કરી હતી. જુલૂસ દરમિયાન મુસ્લિમ બિરાદરો અને શ્રદ્ધાળુઓ દ્વારા નિયાઝનું આયોજન કરી ઠંડા પીણા સહિત વિવિધ પ્રકારની મીઠાઈઓનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત જુલૂસ દરમિયાન પયગંબર સાહેબના મુએ મુબારકના દીદાર કરવાનો લાભ પણ મુસ્લિમ બિરાદરો સહિત શ્રદ્ધાળુઓએ લીધો હતો.

## ૬૦૦ વર્ષ જૂના રણછોડરાયજી મંદિરનો જીણોદ્ધાર મહોત્સવ સંપન્ન

(પ્રતિનિધિ) સંખેડા, તા. 26

સંખેડા તાલુકાના બહાદરપુર ગામ ખાતે આવેલ પૌરાણિક શ્રી રણછોડરાયજી મંદિર ખાતે ત્રિવેદી પરિવાર દ્વારા ભવ્ય જીણોદ્ધાર મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. શ્રાવણ સુદ ચૌદસના પાવન દિવસે મંદિર ખાતે નૂતન કળશ સ્થાપના, ભવ્ય ધ્વજારોહણ, પ્રાણ પ્રતિષ્ઠા અને દિવ્ય ચર્ણામૃત મહા અભિષેક કરવામાં આવ્યો હતો. આ પ્રસંગે દાતા રવિભાઈ ત્રિવેદી દ્વારા હનુમાનજી અને કાળભૈરવની મૂર્તિઓની પણ મંદિરમાં પ્રાણ પ્રતિષ્ઠા કરવામાં આવી હતી. ભગવાનની મૂર્તિઓને બહાદરપુર ટાવરથી વાજતે-ગાજતે ડીજેના તાલે શોભાયાત્રા સ્વરૂપે રણછોડરાયજી મંદિરે લાવવામાં આવી હતી. વહેલી સવારથી યજ્ઞ, નવચંડી પાઠનું આયોજન કરાયું હતું અને સાંજે 4 વાગે શ્રીફળ હોમ કરવામાં આવ્યો હતો. બહાદરપુરનું રણછોડરાયજી મંદિર લગભગ 600 થી 700 વર્ષ જૂનું હોવાનું મનાય છે.

## બોડેલીના શ્રી દ્વારકાધીશ મંદિરમાં હિંડોળા ઉત્સવની ભવ્ય ઉજવણી

**33** દિવસ સુધી વિવિધ કલાત્મક હિંડોળે શ્રી પ્રભુને ઝુલાવવાની પરંપરા

(પ્રતિનિધિ) બોડેલી, તા. 26

પવિત્ર શ્રાવણ માસ નિમિત્તે બોડેલીના શ્રી દ્વારકાધીશ મંદિરમાં હિંડોળા ઉત્સવની ભવ્ય ઉજવણી કરવામાં આવી રહી છે. દરરોજ નીતનવા શણગાર સાથે તૈયાર કરવામાં આવતા કલાત્મક હિંડોળા વૈષ્ણવો માટે ભારે આકર્ષણનું કેન્દ્ર બન્યા છે. સનાતન હિન્દુ ધર્મમાં શ્રાવણ માસનું વિશેષ ધાર્મિક મહત્વ છે અને વર્ષના તમામ માસમાં શ્રાવણ માસને પવિત્ર માસ તરીકે માનવામાં આવે છે.

પુષ્ટિમાર્ગમાં પણ શ્રાવણ માસનું આગવું મહત્વ છે. પુષ્ટિમાર્ગીય હવેલીઓમાં અષાઢ વદ એકમથી શ્રાવણ વદ ત્રીજ સુધીના ૩૩ દિવસ દરમિયાન વિવિધ કલાત્મક હિંડોળાઓની સજાવટ કરી શ્રી પ્રભુને હિંડોળે ઝુલાવવામાં આવે છે. બોડેલીના શ્રી દ્વારકાધીશ મંદિરમાં પણ હિંડોળા ઉત્સવ



અંતર્ગત ફૂલ, ફળ, શાકભાજી, સૂકો મેવો, કેવડો સહિત ચાંદીના શણગાર, ગિરી કંદરા, ફિરોજી ઘટા, પવિત્રા તેમજ વિવિધ રંગબેરંગી ઘટાઓથી આકર્ષક હિંડોળાઓ તૈયાર કરવામાં આવી રહ્યા છે.

સજાવટ સમિતિના સભ્યો દ્વારા દરરોજ નીતનવા અને કલાત્મક હિંડોળાની સુંદર સજાવટ કરવામાં આવે છે. હિંડોળાના આ અનોખા શણગારને નિહાળવા માટે મોટી સંખ્યામાં વૈષ્ણવો મંદિરે આવી દર્શન કરી ધન્યતા અનુભવી રહ્યા છે.

### પાદરા પોલીસ મથકે મહિલા સંઘ દ્વારા રક્ષાબંધન પર્વની ઉજવણી

(પ્રતિનિધિ) પાદરા, તા. 26

વિશ્વ ઉમિયા ફાઉન્ડેશન અમદાવાદ (જાસપુર) સંસ્થા સંલગ્ન મહિલા સંઘ દ્વારા પાદરા પોલીસ મથક ખાતે રક્ષાબંધન પર્વની ભાવપૂર્વક ઉજવણી કરવામાં આવી હતી. સંસ્થા સાથે જોડાયેલી બહેનોએ પોલીસ મથકે ફરજ બજાવતા પોલીસ અધિકારીઓ અને કર્મચારીઓને રાખડી બાંધી રક્ષાબંધન પર્વની ઉજવણી કરી હતી. રક્ષાબંધન પર્વ નિમિત્તે વિશ્વ ઉમિયા ફાઉન્ડેશનની બહેનોએ પાદરા પોલીસ મથકે પહોંચી પોલીસ ઈન્સ્પેક્ટર પી.વી.ગોહિલ, પી.એસ.આઈ. સહિત પોલીસ અધિકારીઓ તથા જવાનોને રાખડી બાંધી હતી. દિવસ-રાત નાગરિકોની સુરક્ષા અને કાયદો-વ્યવસ્થા જાળવવા ફરજ બજાવતા પોલીસ જવાનો પ્રત્યે આભારની લાગણી વ્યક્ત કરી તેમના સુખાકારી અને સલામતી માટે પ્રાર્થના કરવામાં આવી હતી.


### જાહેર નોટીશ

અમદાવાદ ખાતે ગુજરાતી ઉચ્ચ ન્યાયાલયમાં

આર/ સ્પેશિયલ સિવીલ અપ્લીકેશન નં.14858 / 2018

મુદ્દત તારીખ: 31/08/2026
જિલ્લા: સુરત

શ્રી એ. આર. રોકી અને શ્રી હરદીપ એલ. મહીડા અરજદાર તરફે વિદ્વાન વકીલશ્રીઓ

અકીલ અબ્દુલ રહેમાન હાશમી

વિરુદ્ધ

રાશિદાખાતુન તે સૈયદ અહેમદ અદુસના પત્ની અને અન્ય

પ્રતિ,

| | | | |
|---|---|---|---|
| 2.1 | જમનાદાસ વિષ્ણુભાઈ પટેલ શિયા બાગ નં.3, વડોદરા | 2.2 | કૃષ્ણકાંત વિષ્ણુભાઈ પટેલ શિયા બાગ નં.3, વડોદરા |
| 2.3 | મુકેશ વિષ્ણુભાઈ પટેલ શિયા બાગ નં.3, વડોદરા | 2.4.1 | ઈન્દ્રવદન આપાભાઈ દેસાઈ રહે. 201 ગિરધરનિવાસ એપાર્ટમેન્ટ, રજો માળ, નવજીવન હોસ્પિટલની બાજુમાં, અલકાપુરી બરોડા (26/02/2019 ના આદેશ મુજબ સુધારો કરવામાં આવેલ છે.) |
| 2.4.2 | વિમલભાઈ ઈન્દ્રવદનભાઈ દેસાઈ રહે. 201 ગિરધરનિવાસ એપાર્ટમેન્ટ, રજો માળ, નવજીવન હોસ્પિટલની બાજુમાં, અલકાપુરી બરોડા (26/02/2019 ના આદેશ મુજબ સુધારો કરવામાં આવેલ છે.) | 2.4.3 | હેતલબેન તે ઈન્દ્રવદન દેસાઈ ની પુત્રી રહે. 201 ગિરધરનિવાસ એપાર્ટમેન્ટ, રજો માળ, નવજીવન હોસ્પિટલની બાજુમાં, અલકાપુરી બરોડા (26/02/2019 ના આદેશ મુજબ સુધારો કરવામાં આવેલ છે.) |
| 2.5 | નીલાબેન વિષ્ણુભાઈ પટેલ શિયા બાગ નં.3, વડોદરા | 2.6 | હેમલતાબેન તે વિષ્ણુ અંબાલાલ પટેલના પુત્રી રહે. 201 ગિરધરનિવાસ એપાર્ટમેન્ટ, અલકાપુરી બરોડા (26/02/2019 ના આદેશ મુજબ સુધારો કરવામાં આવેલ છે.) |
| 5.1 | મણીબેન છોટુભાઈ પટેલ મહેર હોટલ પાસે, સ્ટેશન રોડ, આણંદ | 5.2 | વિનોદભાઈ છોટુભાઈ પટેલ મહેર હોટલ પાસે, સ્ટેશન રોડ, આણંદ |
| 5.3 | મહેન્દ્રકુમાર છોટુભાઈ યાદવ મહેર હોટલ પાસે, સ્ટેશન રોડ, આણંદ | 6 | રામભાઈ ચતુરભાઈ પટેલ બંગલો નં.45, સરદાર નગર, બોરફા, નવા પાર્ક રોડ, વડોદરા |
| 8 | અશ્વિન એન્ડ બ્રધર્સ સૂર્યનારાયણ બાગ પાસે, જનરલ પોસ્ટ ઓફિસની બાજુમાં, રાવપુરા, વડોદરા | 7.10.1 | ગણેશકુમાર અજયકુમાર સાવંત રહે.મુ.પો.કોરેગામ, તાલુકો કોરેગાંવ, જિલ્લો સતારા, મહારાષ્ટ્ર (26/02/2019 ના આદેશ મુજબ સુધારો કરવામાં આવેલ છે.) |
| 7.10.2 | બાલકૃષ્ણ અજયકુમાર સાવંત રહે.મુ.પો.કોરેગામ, તાલુકો કોરેગાંવ, જિલ્લો સતારા, મહારાષ્ટ્ર (26/02/2019 ના આદેશ મુજબ સુધારો કરવામાં આવેલ છે.) | 7.8.1 | ગણેશકુમાર અજયકુમાર સાવંત કાનુની વારસદાર અજયકુમાર બાપુસાહેબ સાવંત રહે.મુ.પો.કોરેગામ, તાલુકો કોરેગાંવ, જિલ્લો સતારા, મહારાષ્ટ્ર |
| 7.8.2 | બાલકૃષ્ણ અજયકુમાર સાવંત કાનુની વારસદાર અજયકુમાર બાપુસાહેબ સાવંત રહે.મુ.પો.કોરેગામ, તાલુકો કોરેગાંવ, જિલ્લો સતારા, મહારાષ્ટ્ર | 12 | મહાનુર એચ.શેખ 104, સાયરન ડી.આર. રેલિંગટન, એન.સી. 2879 |

નોંધ લેશો કે ઉપરોક્ત નામનાં અરજદારોએ ભારતનાં બંધારણના અનુચ્છેદ ૨૨૬ અને ૨૨૭ હેઠળ આ ઉચ્ચ અદાલત સમક્ષ સ્પેશિયલ સિવીલ એપ્લીકેશન 14858/2018 રજુ કરી અને તેમાં તા.19/12/2017 નાં રોજ વિદ્વાન મુખ્ય સિનિયર સિવીલ જજ, સુરતનાઓ દ્વારા આંક – 360 થી સ્પેશિયલ સિવીલ સ્યુટ નં.388/2006 માં પસાર કરવામાં આવેલ હુકમને રદ અને બરતરફ કરવા માટે વિનંતી કરવામાં આવી છે તે સ્પેશિયલ સિવીલ એપ્લીકેશન નં.14858/2018 થી તા.24/09/2018 નાં રોજ આ અદાલતમાં નોંધાયેલ છે.

જ્યારે આર/સ્પેશિયલ સિવીલ એપ્લીકેશન નં.14858/2018 માં સિવીલ એપ્લીકેશન નં.1/2026 (ફોર સબસ્ટીટ્યુટ સર્વિસ)ની સુનાવણી કરતાં, નામદાર ન્યાયાલયે (કોરમ: એડીશનલ રજિસ્ટ્રાર (જ્યુડીશયલ)) એ તા.30/07/2026 નાં રોજ સામાવાળા નં. 2.1, 2.2, 2.3, 2.4.1, 2.4.2, 2.4.3, 2.5, 2.6, 5.1, 5.2, 5.3, 6, 8, 7.10.1, 7.10.2, 7.8.1, 7.8.2 અને 12 કે જેઓને નોટીસ બજેલ નથી નાઓને જાહેર સુચના તરીકે તેઓ છેલ્લે ખરેખર સ્વૈચ્છીક રીતે રહેતા જણાયેલ હોય તે જગ્યાનાં વ્યાપક પ્રસાર ધરાવતા પ્રાદેશીક ભાષાનાં સ્થાનિક સમાચારપત્રમાં નોટીસ પ્રસિધ્ધ કરવા હુકમ કરેલ છે.

નોંધ લેશો કે ઉપરોક્ત આર/સ્પેશિયલ સિવીલ એપ્લિકેશન 14858/2018 ની સુનાવણી તા.31 ઓગસ્ટ, 2026 નાં રોજ સવારે 11-00 વાગ્યે આ અદાલતમાં વિના વિલંબે થશે અને જો તમારા દ્વારા અથવા તમારા વતી કોઇ, તમારા વકીલ અથવા તમારા માટે કાર્યવાહી કરવા માટે કાયદા દ્વારા અધિકૃત કોઇ વ્યક્તિ હાજર નહીં રહે, તો તમારી ગેરહાજરીમાં તેમની સુનાવણી અને નિર્ધારણ કરવામાં આવશે.

અમદાવાદ ખાતે મુખ્ય ન્યાયમૂર્તિશ્રી સુનીતા અગ્રવાલના સાક્ષ્યે ઉપરોક્ત આજ તા.30 જુલાઇ, 2026 નાં રોજ.

કોર્ટનો સિક્કો

ન્યાયાલય દ્વારા
આસીસ્ટન્ટ રજીસ્ટ્રાર